# સ્વાગતમ્... સ્વાગતમ્... જાપાનના પ્રધાનમંત્રી શિન્ઝો આબે અને અકી આબે

ગાંધીનગર, તા. ૧૩

જાપાનના વડાપ્રધાન શ્રીયુત શિન્ઝો આબે અને તેમના ધર્મપત્ની સુશ્રી અકિ આબે ગુજરાત આવી પહોંચ્યા ત્યારે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને અન્ય મહાનુભાવોએ તેમનું પરંપરાગત સ્વાગત કર્યું હતું. બંને દેશના વડાપ્રધાન અને જાપાનના વડાપ્રધાનના ધર્મપત્ની ખુલ્લી જીપમાં ગાંધી આશ્રમ તરફ જવા રવાના થયા હતા અને ભવ્યાતિભવ્ય રોડ શોની શરૂખાત થઈ હતી.


એરપોર્ટ પર ભવ્ય સ્વાગત


અમદાવાદમાં ભવ્ય રોડ-શો

વૈવિધ્યને ભરપુર માણ્યું હતું. ભારતના લગભગ તમામ રાજ્યના લોક નૃત્યોની પ્રસ્તુતિ સાથેના આ રોડ-શોમાં મેઘધનુષી કલારંગનું આકર્ષણ જ એટલું હતું કે, સુશ્રી અકિ આબેએ તેમના સેલફોનમાંથી તસવીર પાડીને આ ક્ષણને યાદગાર બનાવી દીધી હતી. આ રોડ-શોમાં વિવિધ રાજ્યોના લોકનૃત્યો ઉપરાંત, શાળાના બાળકો, નગરજનો દ્વારા પણ રોડની બંને બાજુથી જોરદાર પ્રતિસાદરૂપ મહાનુભાવોને


ગાંધીઆશ્રમની મુલાકાત


ગાંધીઆશ્રમની મુલાકાત


ગાંધીઆશ્રમની મુલાકાત

અમદાવાદ એરપોર્ટ ઉપરથી ખુલ્લી જીપમાં શરૂ થયેલા રોડ શોમાં જાપાનના વડાપ્રધાન શિન્ઝો આબેએ સફેદ રંગના ઝભ્ભા ઉપર વાદળી રંગની કોટી પહેરી પરંપરાગત ભારતીય પોષાકમાં સજ્જ થયા હતા જ્યારે તેમના ધર્મપત્ની સુશ્રી અકિ આબે આકર્ષક ફ્લોરલ ડિઝાઈન ધરાવતા પરિધાનમાં સજ્જ હતા. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ હંમેશાની માફક ક્રિમ કલરનો અડધી બાંયનો ઝભ્ભો પહેર્યો હતો.

આઠ કિ.મી.ના આ રોડ શોમાં જાપાનના વડાપ્રધાન-દંપતિએ ભારતના સાંસ્કૃતિક


હળવાશની પળોમાં સાબરમતીના કિનારે


ઐતિહાસિક સિદિસૈયની જાળીની મુલાકાતે

આવકાર મળ્યો હતો. બાળકોએ પણ ગરબા-યોગ વગેરે કલા પ્રદર્શિત કરી હતી. ખાસ કરીને શાળાના વિદ્યાર્થીઓ દ્વારા રેલાવાયેલી બેન્ડની સુરાવલીએ સમગ્ર રોડ-શોના વાતાવરણને સંગીતમય બનાવી દીધુ હતું.

સમગ્ર રોડ શો દરમિયાન ભારત અને જાપાનના સુરક્ષા અધિકારીઓ ખાસ અંદાજમાં સજ્જ થયેલા જોવા મળતા હતા. ખાસ કરીને બાઈક ઉપર સજ્જ સુરક્ષા જવાનો અલગ જ દેખાઈ આવતા હતા. લગભગ સાડા ચાર વાગ્યાની આસપાસ આ કાફલો ગાંધીઆશ્રમ પહોંચ્યો હતો અને રોડ-શો સંપન્ન થયો હતો.




"આજ રે સપનામાં મને બુલેટ ટ્રેન..!!"

"... હેં...એ...એ... બુલેટ ટ્રેન સપનામાંય આવવા માંડી..!?! કહેવું પડે તમારા સાહેબનું કામ હો..!!"

"સાહેબ... સપના સોનેરી જ હોય છે..! અને સપનામાંથી જ જીવન બને છે..!"

"એ બધી ફીલોસોફીની વાત જવા દો... પણ મને એ ખબર છે, કે તમારા સાહેબ સપના વેચવામાં માહિર છે..!! હિમાચલમાં જઈને પણ ફ્રિજ વેચી આવે..!!"

"આ નાની સુની વાત નથી..! આ સિદ્ધિ કહેવાય..."

"જવા દો સાહેબ તમારી સિદ્ધિ-બિદ્ધિ..! હજુ હજારો નાગરિકો દર અઠવાડિયે બેંકમાં જઈ એમના ૧૫ લાખની તપાસ કરે છે કે જમા થયા કે નહિ..!?!"

"ખરૂ પકડાઈ ગયું છે તમને..?! ત્રણ-ત્રણ વરસ થયા હજી ૧૫ લાખ ભુલતા નથી... વાતે-વાતે ૧૫ લાખ ૧૫ લાખ.... અરે અમારા રાષ્ટ્રીય પ્રમુખે એક વાર કહી દીધું કે ભાઈ આ તો ચૂંટણીલક્ષી જાહેરાત હતી..!! તોય તમે છાલ નથી છોડતા..?!"

"આવી એક નહિ સાહેબ... ઢગલાબંધ ચૂંટણીની વાતોના વડા થઈ ગયા..!! આ બધુ તો લોલીપોપ જેવું લાગ્યું..! 'અભી બોલા અભી ફોક'..!"

"આ બધી સુફિયાણી વાતો..! કોણ સાંભળે છે તમારી તતુડી..?! પ્રજા તો આફરીન છે..! આજે પણ..!"

"તમારે તો રોડ-શૉ માં જયજયકાર થઈ જાય એટલે પ્રજા આફરીન..!! એવું જ ને..?! પણ વાસ્તવિકતા..?"

"અરે તમે ગમે તે બાજુથી મુલ્યાંકન કરો તોય તમે પહોંચવાના નથી..! તમારી વાતોમાં જ દમ નથી... સાવ નકારાત્મક છો..!! જ્યાં વિકાસ આભે આંબતો હોય એ તમારાથી સહન નથી થતો..?! અને વિકાસ ગાંડો થયો છે... ગાંડો થયો છે ના તિકડમ કાઢ્યા કરો છો..!!"

"એ તો જો જો ને... મામાનું ઘર કેટલે..?! દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈ જશે..!! હવે તો પ્રજા પણ સમજી ગઈ છે કે આ દંભ-દેખાડા ક્યાં સુધી સહન કરવા... સરકારી ખર્ચે જય-જયકાર ક્યાં સુધી..?! સરકારી તાયફાઓ માટે બધુ રાતોરાત... અને પ્રજાને ડીંગો..!!"

"બધુ પ્રજા માટે જ છે ને સાહેબ..?! આ બુલેટ ટ્રેન કોના માટે દોડશે..?! આ મેટ્રો ટ્રેન કોના માટે દોડાવાશે..?! અમારો તો મંત્ર છે 'સર્વે જન સુખાય... સર્વે જન હિતાય..!"

"હા... હા... એ બધુ અમને ખબર છે..! તમારે તો ચૂંટણી આવે એટલે 'સૌનો સાથ, સૌનો વિકાસ..!! અને ચૂંટણી જાય એટલે સુત્ર બદલાઈ જાય..! 'સૌનો સાથ થોડાકનો વિકાસ'..!! પણ હવે તમે એવા ભ્રમમાં ના રહેતા કે પ્રજા સમજતી નથી..! બધાને બધી ખબર પડે છે... કો'ક બોલે ને કો'ક ના બોલે..!!"

"બિલકુલ ખોટું છે તમારૂ માનવું... પ્રજા ચટ્ટાનની જેમ અમારી સાથે છે..! અને અમે અડીખમ ગુજરાતના સૈનિકો છીએ. અમે ડગીશુ નહિ... અમે હારીશુ નહિ... ગુજરાતના વિકાસ માટે અને દેશના વિકાસ માટે ઝઝુમીએ છીએ અને ઝઝુમતા રહીશુ..."

● અનુસંધાન પાન-૫ પર

# ભાજપે વિધાનસભા માટે ત્રણ નિરીક્ષકો જિલ્લા માટે મુક્યા

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લાની વિધાન સભાની પાંચ બેઠકો માટે ભારતીય જનતા પક્ષે ત્રણ નિરીક્ષકો નીમ્યા હોવાની વિગતો જાણવા મળેલ છે.

ભાજપના અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે કેન્દ્રના રાજ્ય ગૃહમંત્રી હરિભાઈ ચૌધરી, ડૉ. અનિલભાઈ પટેલ તેમજ અલ્પાબેન મોદીની નિમણુંક નિરીક્ષક તરીકે કરવામાં આવી છે.

આ નિરીક્ષકોની ટીમ ૨૦મી પછી ગમે ત્યારે રજુઆતો સાંભળવા આવી શકે છે. ૨૧મીથી ૩૦મી સપ્ટેમ્બર દરમ્યાન વિધાનસભાના ઉમેદવારોની રજુઆતો સાંભળવામાં આવશે તેવી પ્રદેશ કક્ષાએથી જાહેરાત થઈ ચુકી છે.

નિરીક્ષકો પાંચેય વિધાનસભા મતવિસ્તારમાં જઈ રજુઆતો સાંભળશે કે એક જ સ્થળે પાંચેય બેઠકો પર રજુઆત સાંભળશે તે અંગેની જાહેરાત એકાદ દિવસમાં કરાશે તેમ જાણવા મળેલ છે.

# તપતા ભાદરવામાં મોસમનો મિજાજ બદલાયો : વરસાદી વાયરાથી ઠંડક પ્રસરી

## જળ ભરેલા વાદળોથી ઘેરાયેલા કેસરીયા આકાશી નઝારા વચ્ચે વરસાદ છાંટણાં વરસાવી અદ્રશ્ય





ગાંધીનગર તા ૧૩

શહેરમાં આજે બપોરે અચાનક જ વાતાવરણમાં પલ્ટો જોવા મળ્યો હતો. બપોરના સમયે આકાશમાં કેસરીયો રંગ છવાયો હતો. જયારે પવનના સુસવાટા સાથે નાટયાત્મક પલ્ટા સાથેવ વરસાદ વરસવાનુ શરૂ થયુ હતુ. જો કે પવનની સાથે વરસાદનુ જોર ઓછુ થતા હળવુ ઝાપટુ વરસાવી પલવારમાં જ વરસાદ અદ્રશ્ય થઈ ગયો હતો. અચાનક જ વરસાદી વાયરાના લીધે શહેરમાં ઠંડક પ્રવર્તી હતી. આકરી ગરમીમાં વાતાવરણ પલ્ટાના લીધે ઠંડક પ્રસરતા નગરજનોએ મોસમની મજા માંણી હતી.

શહેરમાં ભાદરવાના આકરા તાપ વચ્ચે નગરજનો આકરી ગરમીનો અનુભવ કરી રહયા છે. દિવસ દરમિયાન સુર્યના આકરા કિરણો ચામડીને દાહ આપતા અંગારા વરસાવે છે. જયારે વાતાવરણમાં આકરા તાપ વચ્ચે ભેજનુ પ્રમાણ પણ વિશેષ રહેતા તાપની સાથે બફારો અનુભવતા નાગરિકો ગરમીથી બેવડી રીતે પ્રભાવિત થયા છે. આવા સંજોગોમાં મોસમના વિચિત્ર મિજાજથી નગરજનો ત્રસ્ત છે. ત્યારે આકરા બફારાથી ત્રાહીમામ નગરજનોને આજે વાતાવરણ પલ્ટાથી અંશતઃ રાહત મળી હતી. ગઈકાલે પણ સાંજના સમયે વિજચમકારા વચ્ચે આકાશમાં કેસરીયા રંગનુ દ્રશ્ય જોવા મળ્યુ હતુ. જો કે આકરા બફારાના અંતે પણ વરસાદ હાથતાળી આપી ગયો હતો. જયારે આજે પણ સવારથી જ વાદળિયા વાતાવરણ વચ્ચે ગમે ત્યારે વરસાદ ખાબકે તેવી સંભાવના જોવા મળી હતી. આખરે બપોરના સમયે અચાનક જ નાટયાત્મક પલ્ટા વચ્ચે સુસવાટા મારતો પવન ફુંકાવાનુ શરૂ થયુ હતુ. પવનના સુસવાટા વચ્ચે વરસાદી છાંટણા વરસ્યા હતા. જેના લીધે પલવાર માટે તો મોસમનો તદન નઝારો બદલાઈ ગયો હતો. જયારે મેઘરાજા મનમુકીને વરસે તેવી આશ જન્મી હતી. પરંતુ નાટયાત્મક હવામાન પલ્ટાના અંતે વરસાદ માત્ર છાંટણા વરસાવી અદ્રશ્ય થઈ ગયો હતો. જો કે વરસાદી વાયરાના અંતે ઠંડક પ્રસરતા નગરજનોએ રાહત અનુભવી હતી. શહેરમાં ફરી એકવાર ભીંજારાની મોસમ નિખરતા જનજીવન પ્રભાવિત થયુ હતુ.

● અનુસંધાન પાન-૫ પર

# મેયરનો સ્પષ્ટ પ્રત્યુત્તર

## વિકાસ માટે મેં દરેક બેઠકમાં સૂચનો માગ્યા છે પણ વિપક્ષે ક્યારેય રજુઆત મુદ્દાસર કરી નથી

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર પ્રવિણ પટેલે વિપક્ષી નેતાએ કરેલા આક્ષેપોને ફગાવી દીધા છે અને જણાવ્યું છે કે મેં દરેક સામાન્ય સભામાં વિપક્ષને વિકાસ માટે રચનાત્મક સૂચનો કરવા જણાવ્યુ છે પરંતુ તમે તમારી રજુઆતો મુદ્દાસર કરવાને બદલે ધાંધલ-ધમાલના દશ્યો સર્જી કરો તેમાં મારો કોઈ વાંક નથી.

વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાને પાઠવેલા પ્રત્યુત્તરમાં મેયર પ્રવિણ પટેલે જણાવ્યુ છે કે તમારા પક્ષના સભ્યો એક પછી એક વારાફરતી રજુઆતો કરી શકે છે.

તેમણે વિકાસના પ્રશ્નો અંગે નિયમોની જોગવાઈ મુજબ રજુ કરવાની હિમાયત કરી છે. મેયર પ્રવિણ પટેલે આજે જ વિપક્ષી નેતાના પત્રનો પ્રત્યુત્તર આપતાં શહેરનું રાજકીય વાતાવરણ ગરમાયું છે.

ગઈકાલે વિપક્ષી નેતાએ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થામાં સ્થાનિકોના મુદ્દાની બાદબાકી કરવામાં આવતી હોઈ તમજ મનપાના સત્તાધીશો તેમના પક્ષના સશક્તિકરણમાં જ વ્યસ્ત હોવાનો ગંભીર આક્ષેપ કરી સામાન્ય સભાના બહિષ્કારની ચીમકી ઉચ્ચારી હતી જે ઉલ્લેખનીય છે.

# કેન્દ્રની ટીમે જિલ્લાની ત્રણ પ્રાથમિક શાળાની મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૧૩

ભારત સરકારના માનવ સંશાધન મંત્રાલયની ઉચ્ચસ્તરીય ટીમે આજે જિલ્લાની ત્રણ પ્રાથમિક શાળાઓની મુલાકાત લઈ મૂલ્યાંકન કર્યું હતું.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે કલોલ તાલુકાના આમજા ગામની પ્રાથમિક શાળાની મુલાકાત દરમ્યાન ટીમે જ્ઞાનકુંજ પ્રોજેક્ટની વિગતો મેળવી હતી. બાળકો સાથે પણ આ ટીમે પ્રોજેક્ટને લઈ વાત કરી હોવાનુ જાણવા મળેલ છે. આમજા શાળા જિલ્લાની સ્માર્ટ સ્કૂલ તરીકે ઓળખાય છે.

આ ઉપરાંત માણસા તાલુકાના બોરૂ ગામે જ્યાં બાલા પ્રોજેક્ટ્સ કાર્યરત હોઈ ત્યાં તે ટીમે બાલા પ્રોજેક્ટની વિગતો મેળવી ખુશી વ્યક્ત કરી હતી.

આ ઉપરાંત બોરૂ નજીકની પ્રમનગર પ્રાથમિક શાળામાં સ્વચ્છતા મિશન અંતર્ગત વિગતો મેળવી અને શાળાઓ તેમજ બાળકોનું મૂલ્યાંકન કર્યાની વિગતો જાણવા મળેલ છે.

આ ટીમે આમજા ખાતે મધ્યાહન ભોજન યોજના અંતર્ગત ચાલી રહેલ કામગીરી પણ નિહાળી હતી તેમજ પ્રજ્ઞાવર્ગની જાણકારી મેળવી હતી.

ગઈકાલે જિલ્લાની શાહપુર પ્રા. શાળાની ટીમે મુલાકાત લીધી હતી અને જ્ઞાનકુંજ પ્રોજેક્ટના અમલીકરણ અંગે પ્રસન્નતા વ્યક્ત કરી હતી જે ઉલ્લેખનીય છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
BRIDGESTONE CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com